શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ, ટ્રસ્ટ નોંધણી નંબર : એ/૧૮૨૪/અમદાવાદના સંચાલન અને વહીવટ માટેની સ્કીમ : પરિશિષ્ટ (૧)

૧ **નામ :**
આ સંસ્થા ''શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ'' એ નામે ઓળખાશે.

૨. **ઉદ્દેશ :**
ગુજરાત (એટલે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ) માં વસતી વાળંદ જ્ઞાતિની સર્વાંગી ઉન્નતિ.

૩. **ઉદ્દેશનું દિગ્દર્શન અને કાર્યક્ષેત્ર :-**

(અ) કેળવણી પ્રચાર
(બ) જ્ઞાતિ સંગઠન
(ક) સામાજિક સુધારા
(ડ) માસિક પ્રકાશન
(ઈ) સમય અને સંજોગો અનુસાર કંઈક વધુ કરવા જેવું લાગે તે સંઘનું મુખ્ય કાર્ય કેળવણી પ્રચાર રહેશે.

Ex 50

RECORDED
Judge
Court No.: 19
Dt. 14/12/18

**(અ) કેળવણી :**
(૧) જ્ઞાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે કેળવણીને લગતી પ્રવૃત્તિઓ શરૂ કરવી.
(૨) કેળવણીના સર્વે ક્ષેત્રોને વિશાળ અર્થમાં પોષવા પ્રવૃત્તિઓ આદરવી.
(૩) ભારતમાં ઉચ્ચ અભ્યાસ માટે જ્ઞાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને જોઈતી મદદ મર્યાદા અનુસાર કરવી.
(૪) સંસ્થાના ફંડ અનુસાર ઉચ્ચ અભ્યાસ માટે પરદેશમાં ભણવા જવા ઈચ્છતા યોગ્ય વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને મદદ કરવા શકય પ્રબંધ કરવો.
(૫) ઉચ્ચ અભ્યાસ માટે કોઈપણ કોલેજ જેમાં વિનયન (આર્ટસ), વાણિજય (કોમર્સ), વિજ્ઞાન (સાયન્સ) તબીબી (મેડીકલ) ઈજનેરી (એન્જીનીયરીંગ), ખેતીવાડી (એગ્રીકલ્ચર) અને કાયદો (લૉ) નો અભ્યાસ કરવામાં આવે તેવી ખાનગી રાષ્ટ્રીય કે સરકારી કોલેજમાં ઉચ્ચ અબ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિ આપવી અગર લોન (રૂણ) રૂપે મદદ કરવી.
(૬) જ્ઞાતિમાં માધ્યમિક કેળવણી લેતા યોગ્ય વિદ્યાર્થીઓ /વિદ્યાર્થીનીઓને ફી, પુસ્તકો અને અન્ય મદદ વિગેરે આપી પ્રોત્સાહન આપવું.

પ્રમુખ
ગુજરાત વાળંદ સેવા સંઘ

AHMEDABAD CITY CIVIL COURT

150 YEARS OF CELEBRATING THE MAHATMA



(૭) આ સંઘને યોગ્ય લાગે ત્યારે અમદાવાદમાં તેમજ અન્ય સ્થળોએ સંસ્થાની સધ્ધરતા અને સંજોગોનુસાર છાત્રાલયો ખોલવા અને ખોલાવવા.

(૮) જ્ઞાતિના અન્ય વિદ્યાર્થી ગૃહોનો વહીવટ જે સંઘના ધ્યેય અને ધોરણને અનુરૂપ રહી સોંપવા તૈયાર હોય તો સ્વીકારવો.

(૯) સંસ્થાના ધ્યેય અનુસાર જ્ઞાતિ ઉન્નતિ માટે અથવા કેળવણીને લગતાં હેતુઓ માટે સંઘને સમર્પિત થયેલ ટ્રસ્ટનો સ્વીકાર કરવો અથવા સંઘના ધ્યેય અનુસાર બહેનોને ગૃહ ઉદ્યોગ જેવી પ્રવૃત્તિઓમાં પ્રોત્સાહન મળે તેવી યોજના કરીને આપે તો તેનો વહીવટ સ્વીકારવો.

(૧૦) બહેનોને કેળવણી ઉપરાંત ગૃહઉદ્યોગ માટે પ્રોત્સાહન આપવું.

**(બ) સંગઠન :**

જ્ઞાતિનું ઐક્ય સાધવા સારૂ જ્યાં શક્ય હશે ત્યાં પોતાની શાખાઓ સ્થાપી સભાઓ ભરશે એટલું જ નહિ પણ હાલ જે વિભાગોમાં સ્વતંત્ર મંડળો કામ કરતા હશે તે મંડળો શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘના ધ્યેય અને કાર્યને અનુરૂપ રહીને સંઘ સાથે જોડાવા માંગતા હશે તો અરસ પરસના કાર્યની એકતા સાધી એક બીજાને ઉપયોગી થવાય અને જ્ઞાતિનું કાર્ય સરળતાથી ઉકેલે અને ઐક્ય વધે તેવા પ્રયત્ન કરવામાં આવશે.

**(ક) સામાજિક સુધારા :**

જ્ઞાતિમાં ક્રમશઃ સામાજીક સુધારા કરાશે અને કરાવવા પ્રયત્ન કરશે.

**(ડ) માસિક પ્રકાશન :**

જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે અને પ્રચાર અર્થે "વાળંદ વિકાસ" નામનું માસિક પ્રગટ કરવામાં આવશે.

**૪. સભ્ય :**

મૂળ ગુજરાતના હિન્દુ નાયી-વાળંદ લિંબાચીયા વિગેરે આપણી જ્ઞાતિના દેશ-પરદેશમાં રહેતા પુખ્ત ઉંમરના ભાઈ-બહેન જે આ સંઘના ધ્યેય અને કાર્યમાં માનતા હોય તે સભાસદ થવા માટેનું નિયત નમુનામાં ફોર્મ અને ફી ભરી સંઘના સભાસદ થઈ શકશે.

**૫. સભ્યના પ્રકાર :-**

આ સંસ્થાની સામાન્ય સભાના સભ્યો ત્રણ (૩) પ્રકારના રહેશે.

(૧) દાતા : દાતા સભ્ય થવાને પાત્ર સમાજની કોઈપણ વ્યકિત એકી સાથે રૂા.૧૧,૦૦૦/- કે તેથી વધુ રકમનું દાન આપે તેને કાયમી સભ્ય તરીકે ગણવામાં આવશે. આ પ્રકારના સભ્યનું અવસાન થતાં કોઈપણ એક વારસદારના નામે સભ્યપદ ટ્રાન્સફર કરવામાં આવશે.

પ્રમુખ
ગુજરાત વાળંદ સેવા સંઘ

AHMEDABAD CITY CIVIL COURT

ગુજરાત વાળંદ સેવા સંઘ ટ્રસ્ટ રજી નં. એ-૧૯૨૪ અમદાવાદ

(૨) આજીવન : આજીવન સભ્ય થવાને પાત્ર સમાજની કોઈપણ વ્યકિત એકી સાથે રૂા.૧૦૦૧/- કે તેથી વધુ રકમ દાન તરીકે આપશે તેને આજીવન સભ્ય તરીકે ગણવામાં આવશે. આજીવન સભ્યપદ, અવસાન થતાં લીસ્ટમાંથી કમી કરવામાં આવશે.

(૩) વાર્ષિક : વાર્ષિક સભ્ય થવાને પાત્ર સમાજની કોઈપણ વ્યકિત દર વર્ષે રૂા.૧૦/- આપશે. પરંતુ સાથે સાથે સમાજના માસિક ''વાળંદ વિકાસ'' નું લવાજમ ભરવાનું રહેશે.

નોંધ : વાર્ષિક સભાસદો સિવાયના વર્ગના બાકીના સભ્યોને ઉપલા વર્ગમાં બાકીની રકમ આપતાં જવાની છૂટ રહેશે.

૬. **સભ્યના અધિકાર :**

(૧) સંઘની વાર્ષિક સામાન્ય કે અસાધારણ સભામાં હાજર રહી કાર્યવાહીમાં ભાગ લેવા અને તેમાં પોતાનો મત આપવો.

(૨) કોઈપણ સભ્યને સભ્યપદનું રાજીનામું આપવું હશે તો લેખિતમાં આપવું પડશે અને કાર્યવાહક સમિતિ તે સ્વીકારે ત્યારબાદ સભ્ય તરીકે મુકત થયેલો ગણાશે.

૭. **સંઘનું વર્ષ :**
સંઘનુ વર્ષ એપ્રિલ માસથી શરૂ થઈ માર્ચના આખરમાં પુરૂ થશે.

૮. **સંચાલન :**

(૧) સંઘની પ્રવૃત્તિ આગળ ધપાવવા સંઘની સામાન્ય સભા ૨૨ સભ્યોની ટ્રસ્ટીઓ તરીકે પાંચ વર્ષ માટે ચૂંટણી કરશે.

(૨) સામાન્ય સભા ટ્રસ્ટને રૂા.પાંચ લાખ કે તેથી વધુ દાન આપનારા દાતાઓએ ભલામણ કરેલ વધુ ૯ ટ્રસ્ટીઓને મંજૂર રાખશે.

(૩) આમ કુલ-૩૧ સભ્યોના ટ્રસ્ટી મંડળ એટલે કે કાર્યવાહક સમિતિમાંથી નીચે પ્રમાણેના ૧૪ હોદ્દેદારો એક વર્ષ માટે ~~રચાશે~~ ચૂંટાશે (૧) પ્રમુખ (૨) બે ઉપપ્રમુખ (૩) મંત્રી (૪) બે સહમંત્રી (૫) કોષાધ્યક્ષ (૬) અન્વેષક (૭) તંત્રી અને પ્રકાશક- ''વાળંદ વિકાસ'' (૮) ચેરમેન અને મંત્રી પૂંધરા વાળંદ વિદ્યાર્થી ગૃહ (૯) ચેરમેન અને મંત્રી રેવાબા સાંસ્કૃતિક હોલ. બાકીના કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે ગણાશે. હોદ્દેદારોની ~~વરણી~~ ચૂંટણી ટ્રસ્ટી મંડળમાંથી દર વર્ષે ટ્રસ્ટી મંડળ કરશે.

(૪) **ટ્રસ્ટી મંડળ :**
સંઘની સ્થાવર તેમજ જંગમ મિલકતોની સલામતી અને વ્યવસ્થા માટે ૩૧ સભ્યોનું ટ્રસ્ટી મંડળ રહેશે.

પ્રમુખ
ગુજરાત વાળંદ સેવા સંઘ

AHMEDABAD CITY CIVIL COURT
AHMEDABAD

(અ) સંઘની-સ્થાવર-જંગમ મિલકત તેમજ જામીનગીરીઓ વિગેરે શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘના ટ્રસ્ટીઓને નામે રહેશે.

(બ) ટ્રસ્ટીઓ સામાન્ય સભાની સંમતિ સિવાય સંઘની સ્થાવર કે જંગમ મિલકત દાન કે ભેટ આપી શકશે નહિ, વેચી શકશે નહીં તેમજ ગીરો મુકી શકશે નહિ.

(ક) ટ્રસ્ટીઓની મુદત પાંચ (૫) વર્ષની ગણાશે. દરેક પાંચ વર્ષની આખરે સામાન્ય સભા ટ્રસ્ટીઓની નવેસરથી ચૂંટણી કરશે. નિવૃત્ત થતા ટ્રસ્ટીઓ વધુ એક ટર્મ માટે ફરી ચૂંટાવાને પાત્ર રહેશે.

(ડ) જામીનગીરી અથવા રોકાણોમાં ફેરફાર કરવાની અગર રોકાણ કરવાની સત્તા ટ્રસ્ટી મંડળની રહશે.

(ઈ) સંસ્થાની સ્થાવર મિલકતના ફેરફાર કરવાની સત્તા સામાન્ય સભાને રહેશે.

(ફ) આ સંસ્થાના અથવા સંસ્થા હસ્તકના ફાજલ ફંડની રકમો પૈકી મોટી રકમ પડતર રહે તે કાર્યવાહક સમિતિની બહાલીથી ટ્રસ્ટ એકટના નિયમોનુસાર સંઘના ટ્રસ્ટીઓના નામે રોકવામાં આવશે. ટ્રસ્ટીઓની નવી ચૂંટણી થતાં વિદાય થતા ટ્રસ્ટીઓ જામીનગીરીઓ અને રોકાણો નવા ટ્રસ્ટીઓના નામ પર કરી આપશે અને સ્થાવર મિલકતો નવા ટ્રસ્ટીઓના નામ પર દાખલ કરવામાં આવશે.

(ગ) ટ્રસ્ટીઓ પૈકી કોઈ ગાંડો કે નાદાર થાય, સંસ્થાને નુકસાનકર્તા અગર સંઘનો દેવાદાર બનશે તો તે ટ્રસ્ટી મંડળમાંથી આપોઆપ દૂર થવાને પાત્ર બનશે. મુદત દરમ્યાન કોઈ ટ્રસ્ટી રાજીનામું આપે અથવા અવસાન થાય તો ખાલી પડેલી જગ્યા બાકીની મુદત સુધી ટ્રસ્ટી મંડળ (કાર્યવાહક સમિતિ) ભરી શકશે.

સત્યમેવ જયતે

૯. **હોદ્દેદારોની ફરજો :**

**(૧) પ્રમુખ :** કાર્યવાહક મંડળની સામાન્ય સભા અસાધારણ સભા અને વાર્ષિક સભાના કામકાજમાં દોરવણી આપશે અને વ્યવસ્થા જાળવશે. સંસ્થાના રોજબરોજના કામોમાં ધ્યાન આપશે. આ અંગેની બધી જરૂરી સત્તા પ્રમુખની રહેશે.

**(૨) ઉપપ્રમુખ :** પ્રમુખશ્રીની ગેરહાજરીમાં તેના અધિકારના કામો કરશે અને પ્રમુખશ્રી હાજર હોય તે સમયે કામમાં મદદ કરશે.

**(૩) મંત્રી :**

(૧) સંઘના ધ્યેય અને સંઘ તરફથી યોજાયેલી પ્રવૃત્તિઓને સફળ બનાવવા પ્રયત્ન કરશે. ઉપરાંત યોગ્ય લાગે ત્યાં અને ત્યારે પ્રચાર મીટીંગો ભરશે-ભરાવશે.

એપ્રોવ્ડ
જુ.કા. (જે. મ. નાગર)

AHMEDABAD CITY CIVIL COURT

પ્રમુખ
ગુજરાત વાળંદ સેવા સંઘ

શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ
ટ્રસ્ટ રજી નં. એ-૧૮૨૪
અમદાવાદ

(૨) કાર્યવાહક સમિતિ કે સામાન્ય સભાની મીટીંગોની તેના સભ્યોને તેના કામકાજ સાથેની લેખિત જાણ કરશે. સામાન્ય સંજોગોમાં કોઈપણ પ્રકારની સભાની નોટીસ, સમાચાર કે અહેવાલ ''વાળંદ વિકાસ'' ના માધ્યમથી દરેક સભ્યને આપવામાં આવશે.

(૩) સંઘના વર્ષ દરમ્યાન થયેલ કામનો સંપૂર્ણ હેવાલ વાર્ષિક સભા સમક્ષ રજૂ કરશે.

(૪) સંઘનું વર્ષ પુરૂ થયે ત્રણ માસની મુદતમાં વાર્ષિક સભા બોલાવવા તજવીજ કરશે.

(૫) સંઘના સભ્યોના લવાજમ, સભ્યપદ ફી અને દાન વિગેરે ઉઘરાવશે.

(૬) સભાના કામકાજની નોંધ રખાશે.

(૭) સંઘના નામે પત્રવ્યવહાર કરશે.

(૮) માસિક રૂ.૨૫૦૦૦/- સુધીનું અને એકી સાથે રૂ.૫૦૦૦/- સુધીનું ખર્ચ કરી શકશે.

**(૪) સહમંત્રી :**

(૧) મંત્રીની ગેરહાજરીમાં સહમંત્રીઓમાંથી હાજર રહેલા સભ્યો નકકી કરે તે મંત્રી તરીકે કામ કરશે.

(૨) સંઘના રોજીંદા કામોમાં મંત્રીને સહકાર આપશે.

**(૫) કોષાધ્યક્ષ :**

(૧) સંઘના મંત્રી-પ્રમુખ તથા અન્ય કાર્યકરો તરીકે સભાસદ ફી માસીકનું લવાજમ તથા દાન, ભેટ તેમજ ટ્રસ્ટની રકમો વગેરે જે કાંઈ મોકલવામાં આવે તેનો સ્વીકાર કરશે અને પાકી પહોંચ આપશે.

(૨) આવક-જાવકનો હિસાબ રાખી સંઘે ઠરાવેલી નિતી મુજબ તેની વ્યવસ્થા કરશે.

(૩) સંઘનું ભંડોળ સંસ્થાના નામે કરાવેલી બેંકમાં મુકવામાં આવશે અને તે કોષાધ્યક્ષ અને પ્રમુખ અગર મંત્રી પૈકી એક એમ બે શખ્સોની સહીથી કાર્યવાહક સમિતિની મંજૂરીથી નાણાં બેંકમાંથી ઉઠાવી શકશે.

(૪) દર ત્રણ માસનો હિસાબ જ્યારે કાર્યવાહક સમિતિ મળે તે સમયે રજૂ કરશે.

**(૬) અન્વેષક :**

(૧) ખજાનચીએ તૈયાર કરેલા હિસાબો જોઈ તપાસી પોતાના અભિપ્રાય સાથે હેવાલ પ્રમુખ-મંત્રીને મોકલશે.

(૨) સંઘના હિસાબો અવાર-નવાર અચુક તપાસી જોઈ તેની કાર્યવાહક સમિતિને જાણ કરશે.

**(૭) તંત્રી અને પ્રકાશક :**

સંઘની નિતિ અનુસાર માસિકનું સંચાલન કરશે.

પ્રમુખ

ગુજરાત વાળંદ સેવા સંઘ

૧૦. પ્રકિર્ણ નિયમો :-

(૧) સંઘની સભાઓ નીચે પ્રમાણે અગાઉથી સૂચના આપી બોલાવવામાં આવશે.
 (અ) સામાન્ય સભા-૧૫ દિવસ અગાઉ
 (બ) ટ્રસ્ટી મંડળ (કાર્યવાહક સમિતિ) ૮ દિવસ અગાઉ

(૨) ''ટ્રસ્ટી મંડળ'' (કાર્યેવાહક સમિતિ) ની સભા દર ત્રણ માસે બોલાવવામાં આવશે.

(૩) સામાન્ય સભા અને કાર્યવાહક સમિતિની કાર્યસાધક (કોરમ) સંખ્યા અનુક્રમે ૫૧ અને ૧૧ સભ્યોની ગણાશે.

(૪) કોરમના અભાવે મુલતવી રહેલી સભા જે તે દિવસે અને સ્થળે અડધો કલાક બાદ ફરી બોલાવાશે અને તેને કોરમનો નિયમ લાગુ પડશે નહિ.

(૫) કોઈપણ સભામાં બન્ને બાજુ સરખા મત થતા હશે તો પ્રમુખશ્રીને પોતાનો વધારાનો (કાસ્ટીંગ) મત આપવાનો રહેશે.

(૬) સંઘના બંધારણ વિરુધ્ધ વર્તન કરનાર અગર તેને નુકશાન કરે તેવી પ્રવૃત્તિ કરનાર કોઈપણ સભ્ય સામે શિસ્તભંગનાં પગલાં લેવાનો અધિકાર ટ્રસ્ટી મંડળ (કાર્યવાહીક સમિતિ) ને રહેશે.

(૭) વર્ષની અધવચ્ચે ખાલી પડતી કોઈ હોદ્દેદારની કે કાર્યવાહક સમિતિના સભ્યની જગ્યા કાર્યવાહક સમિતિ પુરી શકશે.

(૮) સંઘમાંથી કમી કે નિવૃત્ત થનાર સભ્યનો સંઘની મિલકત ઉપર કોઈપણ જાતનો હક્ક કે અધિકાર રહેશે નહિ.

(૯) સામાન્ય સભા, ટ્રસ્ટી મંડળ કે કાર્યવાહક સમિતિની સભામાં આમંત્રિત સભ્યો ભાગ લઈ શકશે. પરંતુ મતદાનમાં ભાગ લેવાનો અધિકાર તેમને રહેશે નહિ.

(૧૦) સંઘનું કાર્યાલય પુંધરા વાળંદ વિદ્યાર્થી ગૃહ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ રહેશે.

(૧૧) બંધારણના નિયમોના અનુસંધાનમાં જે કોઈ પેટા નિયમોની જરૂર પડે તો કાર્યવાહક સમિતિને પેટા નિયમો ઘડવાની સત્તા રહેશે. પરંતુ બંધારણમાં સુધારા વધારા કાર્યવાહક સમિતિની ભલામણથી સામાન્ય સભામાં મંજૂર કરાવવાના રહેશે.

(૧૨) પ્રમુખ/મંત્રી/ટ્રસ્ટી સામે અવિશ્વાસની દરખાસ્ત ટ્રસ્ટી મંડળના ૨/૩ સભ્યો લાવી શકશે અને તેને ટ્રસ્ટી મંડળ કોઈપણ હોદ્દા ઉપરથી બહુમતીથી દૂર કરી શકશે.

(૧૩) વાળંદ વિકાસ, પુંધરા વાળંદ વિદ્યાર્થીગૃહ અને રેવાબા સાંસ્કૃતિક હોલના સરળ સંચાલન માટે અનુક્રમે તંત્રી/પ્રકાશક, ચેરમેન/મંત્રીના

પ્રમુખ
ગુજરાત વાળંદ સેવા સંઘ

શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ ટ્રસ્ટ રજી નં. એ-૧૮૨૪ અમદાવાદ

AHMEDABAD CITY CIVIL COURT

નેજા નીચેની પેટા કમીટીની નિમણૂંક અથવા ફેરબદલ ટ્રસ્ટી મંડળ (કાર્યવાહક સમિતિ) કરી શકશે.

(૧૪) ટ્રસ્ટી મંડળ, ટ્રસ્ટના સરળ સંચાલન અને તેને મદદરૂપ થવાના આશયથી એક સલાહકાર સમિતિની નિમણૂંક કરી શકશે તેમાં સમાજના અગ્રણી નિષ્ણાંતો, બુધ્ધિજીવીઓ, દાતાઓ તથા પરદેશના પ્રતિષ્ઠિત મહાનુભાવો હશે. આ સમિતિ સંયુકત અગર વ્યકિગત રીતે ટ્રસ્ટી મંડળને માર્ગદર્શન આપશે. વખતોવખત ટ્રસ્ટી મંડળ આ સમિતિમાં ફેરબદલ કરી શકશે.

(૧૫) રૂા. પાંચ લાખ કે તેથી વધુ દાન આપનારા દાતાઓ દ્વારા સૂચવેલા દાતા ટ્રસ્ટીઓ ગણાશે અને તેમાં પણ ખાલી પડેલ જગ્યાઓ જે તે પ્રમાણે દાતાઓની ભલામણથી જ ભરવામાં આવશે.

(૧૬) જે તે સમયે સંજોગો પ્રમાણે ખર્ચ કરવાની મર્યાદા કે કોઈ સરળ વહીવટ માટે નિયમો બનાવવા પડે તો ટ્રસ્ટી મંડળ (કાર્યવાહક સમિતિ) ની ભલામણથી સામાન્ય સભા મંજૂર રાખશે. આવા નિયમોનો અમલ સામાન્ય સભાની મંજૂરી બાદ કરી શકાશે.

(૧૭) ટ્રસ્ટનાં તમામ બેંક ખાતાં તથા ડિપોઝીટો વિગેરે પ્રમુખ, મંત્રી અને ખજાનચીની સહીથી રાખવામાં આવશે. પરંતુ આ ત્રણ પૈકી કોઈપણ બેની સહીથી લેવડદેવડ કરી શકાશે.

(૧૮) જામીનગીરીઓ કે મિલકતો બાબતે ટ્રસ્ટ એકટની કલમ-૩૬ મુજબની જોગવાઈઓ અનુસરવાની રહેશે તેમજ પબ્લીક ટ્રસ્ટ અધિનિયમો અને નિયમ મુજબ કાર્ય કરવાનું રહેશે.

(૧૯) સૂચિત બંધારણ રજૂ કરનારા આ નવ ટ્રસ્ટીઓ પ્રથમ ટ્રસ્ટીઓ ગણવામાં આવશે.

સત્યમેવ જયતે

સદર સ્કીમ બંને તકરારવાળાઓની સંમતિથી નામદાર કોર્ટ સમક્ષ રજુ કરીએ છીએ જે યોગ્ય લાગે ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરવા મે. રહે યોગ્ય હુકમનામુ કરવા મે. રહે.

પ્રમુખ
ગુજરાત વાળંદ સેવા સંઘ

AHMEDABAD CITY CIVIL COURT

શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ
ટ્રસ્ટ રજી.નં. એ-૧૮૨૪
અમદાવાદ